# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/163 Dt. 30/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એક્ષ્પોર્ટર મીટ 'Navigating Global Credit Risks with Confidence' યોજાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા.૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે 'Exporters Meet – Navigating Global Credit Risks with Confidence' યોજાઈ હતી, જેમાં સુરતના ECGC લિમિટેડના બ્રાન્ચ મેનેજર શ્રી સૌરભ જૈને ઉદ્યોગ સાહસિકોને ગ્લોબલ ક્રેડિટ રિસ્ક વિશેની વિસ્તૃત સમજ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ચેમ્બરના વિવિધ કાર્યો વિશે માહિતી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારત હાલમાં હરણફાળ રીતે વિકસી રહ્યું છે. પરંતુ ભારત વિશ્વના અન્ય દેશોની જેમ દરેક ક્ષેત્રમાં વિકાસ કરે તે માટે એમએસએમઇ ઉદ્યોગકારોએ આગળ આવીને વધુ પ્રયાસો કરવાના છે.

શ્રી સૌરભ જૈને જણાવ્યું હતું કે, ' વ્યાપારમાં ECGC એ માટે મહત્વપૂર્ણ છે કે, તે નિકાસકારોને ચૂકવણીના જોખમથી બચાવે છે. બેન્ક ફાયનાન્સ મેળવવામાં સહાય કરે છે અને એક્ષ્પોર્ટને પ્રોત્સાહન આપવાની સાથે જ વૈશ્વિક બજારમાં ભારતીય વ્યવસાયને સુરક્ષિત અને સ્પર્ધાત્મક બનાવે છે. વિદેશી ખરીદદારો માલ ખરીદી કર્યા પછી ચૂકવણી નહીં કરે તો ECGC એક્ષ્પોર્ટરોને વીમા સુરક્ષા આપે છે. તે

રાજકીય જોખમ (જેમ કે, યુધ્ધ, આયાત પર પ્રતિબંધ) અને વાણિજ્યિક જોખમ (ખરીદદારોની ખરાબ નાણાકીય સ્થિતી) બંને સમક્ષ સુરક્ષા આપે છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય વેપારમાં સૌથી વધુ જોખમ હોય છે. ત્યારે ECGC ની વીમા યોજનાઓ એમએસએમઇ ઉદ્યોગોને વૈશ્વિક બજારમાં સ્થિર થવા તથા નિકાસ વધારવામાં સહાય કરે છે. સ્ટાન્ડર્ડ પોલિસી, સ્પેસિફિક શિપમેન્ટ પોલિસી, સ્મોલ એક્સપોર્ટર પોલિસી, બાયર્સ ક્રેડિટ ઈન્સ્યોરન્સ પોલિસી અને એક્ષ્પોર્ટ ક્રેડિટ ઈન્સ્યોરન્સ ટુ બેન્ક પોલિસીઓ વિશે તેમણે વિસ્તૃતમાં માહિતી આપી હતી.'

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતીષ મોદી તેમજ ઉદ્યોગ સાહસિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અંતે, ઉપસ્થિતોને મુંઝવતા તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરના ગ્લોબલ કનેકટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરી, કાર્યક્રમનું સમાપન કર્યું હતું.